તા. ૧૮.૦૪.૨૦૨૫

સંદેશ (ગાંધીનગર આવૃત્તિ). પાના નં. ૦૨

# સેક્ટર-એકથી મોટેરા વચ્ચે શનિવારે બપોર સુધી મેટ્રોરેલ સેવા બંધ રહેશે

## કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા રૂટ નિરીક્ષણના પગલે અસર, બપોર બાદ રાબેતા મુજબ, મેટ્રોરેલ સેવા બહાલ થશે

| ગાંધીનગર |

ગાંધીગરના સેક્ટર-૧ થી મોટેરા સ્ટેડિયમ વચ્ચે આગામી ૧૯ એપ્રિલના રોજ બપોર સુધી મેટ્રોરેલ સેવા સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે. આ દિવસે સવારથી બપોર સુધી કમિશનર ઓફ મેટ્રોરેલ સેફ્ટિ દ્વારા ગાંધીનગરના મેટ્રોરૂટ પર નિરીક્ષણ કરવામાં આવશે. જોકે, બપોર બાદ મેટ્રોરેલ સેવા રાબેતા મુજબ, શરૂ રહેશે.

ઉલ્લેખનીય છેકે,હાલમાં અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ સેવાઓ સવારે આઠથી રાત્રીના સવા આઠ કલાક સુધી કાર્યરત છે.

દરમિયાન તા. ૧૯ એપ્રિલના રોજ સવારે આઠથી બપોરે ૧૨.૩૦ કલાક દરમિયાન કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટિ દ્વારા મોટેરા સ્ટેડિયમથી સચિવાલય, ગિફ્ટસિટી સુધીના ગાંધીનગરના મેટ્રોરૂટનું નિરીક્ષણ કરવામાં આવશે. જેથી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧, ગિફ્ટસિટી વચ્ચે મેટ્રોરેલ સેવાઓ આ સમયગાળા દરમિયાન સ્થગિત રાખવામાં આવશે. નિરીક્ષણ કાર્ય પુર્ણ થયા બાદ અમદાવાદ ગાંધીનગર વચ્ચેની બધી મેટ્રો ટ્રેન તેના સમયપત્રક મુજબ દોડશે.

૧૯ એપ્રિલના રોજ સેક્ટર-૧ થી મોટેરા સ્ટેડિયમ વચ્ચે મેટ્રોટ્રેનનો પ્રસ્થાન સમય બપોરે ૧૨.૫૮ કલાકનો રહેશે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧નો સમય ૧૩.૧૨ કલાકનો રહેશે.

જોકે, આ અસર માત્ર ગાંધીનગર રૂટની મેટ્રોટ્રેનના સમય પરજ પડશે. અમદાવાદના વસ્ત્રાલથી થલતેજ અને એપીએમસીથી 'મોટેરા સ્ટેડિયમ વચ્ચે મેટ્રોટ્રેન સેવા રાબેતા મુજબ, શરૂ રહેશે.